
# CBCS (રેગ્યુલર) અભ્યાસક્રમના વિદ્યાર્થી માટેની પુનઃ મૂલ્યાંકનની અરજી કરવાની માર્ગદર્શીકા

તા.૧/૫/૨૦૨૦થી જે પરીણામો જાહેર થશે તેમાં જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હશે તે જ વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશન થશે અને તેમની ઉત્તરવહીનું પુનઃ મૂલ્યાંકન કરાવી શકશે તે સિવાયના વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશન થશે નહી જેની ખાસ નોંધ લેવી.

૧) સૌ પ્રથમ વિદ્યાર્થીએhttps://saurashtrauniversity.co.in/StudentLogin/frmDefaultForStudent.aspx વેબસાઈટ પર જવાનું છે. જે નીચે મુજબ સ્ક્રીન જોવા મળશે




૨) દરેક વિદ્યાર્થીનું એનરોલમેન્ટ નંબર જ તેમનું યુઝર નેઈમ રહેશે અને પ્રથમ વાર દરેક વિદ્યાર્થીએ પોતાનો પાસવર્ડ બનાવવો પડશે તે માટે વેબસાઈટ પર બે વિકલ્પ આપેલ છે.


1) Student Registration (With Mobile)
2) Student Registration (Without Mobile)

ઉપરના બે વિકલ્પમાંથી કોઈ એક વિકલ્પ પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન આવશે અને તેમાં વિદ્યાર્થીએ પોતાની જે યુનિવર્સિટીમાં રહેલ માહિતી સાથે વેરીફાઈ કરીને પાસવર્ડ બનાવવાનો રહેશે.

Student Registration (With Mobile)


વિદ્યાર્થીએ નીચેની સ્ક્રીનમાં પોતાનો એનરોલમેન્ટ નંબર નાખવાનો રહેશે. એનરોલમેન્ટ નંબર નાખ્યા બાદ બહાર કલીક કરવાથી વિદ્યાર્થીનો મોબાઈલ નંબર કમ્પ્યુટર બતાવશે અને જો તે સાચો હોય તો Generate OTP પર કલીક કરવાથી તે મોબાઈલ નંબરમાં OTP આવશે તે નીચેના બોકસમાં નાખવાનો રહેશે અને તેમને જે ચિત્રમાં Captcha Code બતાવે છે તેની એન્ટ્રી કરીને વેરીફાઈ બટન પર કલીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો પાસવર્ડ બનાવવાનો રહેશે.

જો વિદ્યાર્થીએ એનરોલમેન્ટ નંબર નાખ્યા બાદ કમ્પ્યુટર જે મોબાઈલ નંબર બતાવે છે તે જો ખોટો હોય તો તે વિદ્યાર્થી પોતાનો મોબાઈલ નંબર બદલાવવો હોય તો તે પોતાની કોલેજ પર જઈને અરજી આપવાથી કોલેજ ધ્વારા તે બદલી શકાશે. વિદ્યાર્થી પોતે મોબાઈલ નંબર નહી બદલી શકે.





Student Registration (Without Mobile)

વિદ્યાર્થીએ નીચેની સ્ક્રીનમાં પોતાનો એનરોલમેન્ટ નંબર અને તેમની જન્મતારીખ નાખવાની રહેશે. જે ચિત્રમાં Captcha Code બતાવે છે તેની એન્ટ્રી કરીને વેરીફાઈ બટન પર કલીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો પાસવર્ડ બનાવવાનો રહેશે.





3) પાસવર્ડ બની ગયા પછી વિદ્યાર્થીએ વેબસાઈટ પર Student Login લખેલ છે ત્યાં કલીક કરવાથી કમ્પ્યુટર વિદ્યાર્થીના યુઝર નેઈમ અને પાસવર્ડ પૂછશે.





૪) યુઝર નેઈમની અંદર વિદ્યાર્થીએ પોતાનો એનરોલમેન્ટ નંબર નાખવાનો છે અને પાસવર્ડ વિદ્યાર્થીએ જે અગાઉ બનાવેલ છે તે નાખવાથી વિદ્યાર્થી લોગીન થઈ જશે.





૫) વિદ્યાર્થીનો પોતાનો પાસવર્ડ ભુલી ગયા હોય તો Forgot Password પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન જોવા મળશે. જેમાં વિદ્યાર્થી પોતાનો એનરોલમેન્ટ નંબર, રજીસ્ટર મોબાઈલ નંબર ને જન્મ તારીખ નાખશે તો તેમનો પાસવર્ડ તેમના રજીસ્ટર મોબાઈલ નંબર પર આવી જશે.




૬) વિદ્યાર્થી ધ્વારા યુઝર નેઈમ(એનરોલમેન્ટ નંબર) અને પાસવર્ડ નાખવાથી નીચે મુજબની સ્કીન જોવા મળશે.




વિદ્યાર્થીએ ReAssessment પર કલીક કરવું ત્યારબાદ તેમની પરીક્ષા સીલેકટ કર્યા બાદ View પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન આવશે




ઉપરની સ્ક્રીનમાં વિદ્યાર્થીએ પોતાનો મોબાઈલ નંબર, પત્રવ્યવહારના સરનામાની સંપૂર્ણ વિગત નાખી નીચે આપેલ વિષયોમાંથી જે વિષય/વિષયોનું પુનઃમૂલ્યાંકન કરવાનું છે તે સીલેકટ કરવાના છે. ત્યારબાદ સેવ બટન પર કલીક કરીને ફીનું પેમેન્ટ ઓનલાઈન કરવાનું રહેશે. પેમેન્ટ ઓનલાઈન Sucessfully થઈ જવાથી વિદ્યાર્થીનું પુનઃમૂલ્યાંકનનું ફોર્મ ભરાઈ ગયેલું ગણાશે અને ભવિષ્યમાં તેમનું પુનઃમૂલ્યાંકનનું પરીણામ પણ આ જ લોગીનમાં મળશે તેથી વિદ્યાર્થીએ તેમનો યુઝરનેઈમ અને પાસવર્ડ ખાસ સચાવવો અને ભવિષ્યમાં તેમનો ઉપયોગ કરવાનો થશે.